## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



વત્સ... મોદક ધરાવી મને પ્રસન્ન કરી... ગ્લોબલ વોર્મીંગ, ક્લાઈમેટ ચેન્જ જેવા પ્રશ્ન હું સોલ્વ કરી દઉ એવી આશા ન રાખીશ... એ તો તમારે જ કરવું પડશે...!!



સોમનાથ ટ્રસ્ટની બેઠક : રાજભવન ખાતે ગુરુવારે સાંજે સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી કેશુભાઈ પટેલના અધ્યક્ષ પદે ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, વરિષ્ઠ અગ્રણી લાલકૃષ્ણ અડવાણી, ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિતભાઈ શાહ તથા મેનેજિંગ ટ્રસ્ટી પી. કે. લહેરી ઉપસ્થિત રહ્યા હતા. સોમનાથ મંદિરના વધુ વિકાસ માટે વિચાર-વિમર્શ કરાયો હતો. આગામી દિવસોમાં પ્રવાસીઓને સુખ-સુવિધા માટે અને આકર્ષણો ઉમેરવાના સૂચનોની ચર્ચા - વિચારણા થઈ હતી.

## વાતવાતમાં

● ગાંધીનગર સચિવાલય સંકુલ ખાતેના હેલીપેડ પર જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હેલીકોપ્ટર ઉતર્યું ત્યારે સચિવાલયના કર્મચારીઓ તથા મુલાકાતીઓએ વડાપ્રધાનની એક ઝલક મેળવવા બારીઓ, ગેલેરીઓ તથા સંકુલ નીચે ભીડ જમાવી હતી. વડાપ્રધાને પણ તેમનો કાફલો પસાર થયો ત્યારે કારમાંથી હાથ હલાવી તમામનું અભિવાદન કરતા સૌ ગેલમાં આવી ગયાં હતા.

● ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતેના પદવીદાન સમારંભમાં વડાપ્રધાનના એસપીજી સુરક્ષાકર્મીઓની હાજરીમાં ભરૂચનો શખ્સ પત્રકાર હોવાનો દાવો કરતા કાર્યક્રમમાં પ્રવેશ મેળવવામાં સફળ રહ્યો હતો. જોકે પછીથી આ શખ્સ પાસે સત્તાવાર સરકારી ઓળખપત્ર ના હોવાના કારણે બહાર મોકલી દેવામાં આવ્યો હતો.

● વડાપ્રધાનના ફોરેન્સિક યુનિવર્સિટીના કાર્યક્રમમાં ગાંધીનગરના ઈલેક્ટ્રોનિક્સ મિડિયાના એક વરિષ્ઠ પત્રકાર પગથિયુ ચુકી જતા ગબડી પડ્યા હતા. જોકે આ પત્રકારને કોઈ ઈજા ના થતા સૌએ રાહતનો દમ લીધો હતો.

● રાજ્યમાં તા. ૨૫મી ઓગષ્ટ રવિવાર રક્ષાબંધન પર્વ સુધી તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ કેન્સલ કરવામાં આવી છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના સંદર્ભમાં આ નિર્ણય લેવાયો છે.

● રક્ષાબંધન બાદ હૈદ્રાબાદ ખાતે આઈપીએસ ઈન્ડક્શન કોર્ષની તાલીમનો પ્રારંભ થઈ રહ્યો છે. આ તાલીમમાં જે આઈપીએસ અધિકારીઓ સામેલ થવાના છે તેમના સ્થાને અન્ય આઈપીએસ અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાનો ચોથા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ આજે સવારે નવ વાગે આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન સે. ૨૮ ખાતે ખુલ્લો મુકશે. જ્યારે ગાંધીનગર તાલુકાનો ભાટ ખાતે અને કલોલ તાલુકાનો જેઠલજ ગામે આ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની એક મહત્વની બેઠક આજરોજ જિલ્લા પંચાયતના સભાખંડમાં મળી હતી જેમાં પક્ષના આગામી કાર્યક્રમો અંગે ચર્ચાઓ થઈ હતી.

● જિલ્લામાં ચાલી રહેલા ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનની આજે જિલ્લા કલેક્ટર લાંગાના અધ્યક્ષપદે સમીક્ષા કરવામાં આવશે.

# શહેરમાં વરસાદના અભાવે ૧૦ ટકા રોપાઓનું બાળમરણ

## મેઘમહેરના અંતે વનતંત્રએ લક્ષ્યાંક સિધ્ધ કરવા નવા રોપાઓની વાવણી કરી

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં વનતંત્ર દ્વારા ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે અત્યાર સુધી શહેરમાં ૨૨ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. પરંતુ વરસાદ ખેંચાતા ૫ થી ૧૦ ટકા રોપાઓનુ અસ્તિત્વ જોખમાતા મેઘમેહરના અંતે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે આ વર્ષે વરસાદ ખેંચાતા વાવણીની કામગીરી વિલંબમાં પડી હતી. જયારે પ્રથમ તબક્કામાં ઝરમરિયા વરસાદના અંતે વનતંત્ર દ્વારા શહેરના સે - ૧ થી ૩૦ માં નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ વરસાદી વાદળો વિખેરાઈ જતા વરસાદ ખેંચાયો હતો. જયારે નવા રોપાઓના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો હતો. જયારે નવા રોપાઓને પુરતુ પાણી પુરુ પાડવા તેમજ યોગ્ય ઉછેર કરવા માટે પણ વનતંત્ર દ્વારા યોગ્ય આયોજન કરવામા આવ્યુ હતુ. શહેરી વિસ્તારમાં અંદાજિત ૨૨ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ નવા રોપાઓની વાવણી તેમજ કલરકોડ મુજબ ફુલો નિખરે તુવ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે નવા વાવેતરના અંતે વરસાદ વિલંબમાં પડતા નવા વાવેતર સામે પણ ખતરો મંડરાયો હતો. જયારે નવા વાવેતર પૈકી ૫ થી ૧૦ ટકા રોપાઓનુ અસ્તિત્વ નાશ પામ્યુ હતુ. જયારે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાદળો ઘેરાતા મેઘમહેરના અંતે વનતંત્ર દ્વારા લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે વરસાદના અભાવે મૃત થયેલા રોપાઓ સામે નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. વરસાદના લીધે રોપાઓને નવજીવન મળતા વનતંત્રએ હાંશકારો અનુભવ્યો છે.

# મહાવીરના અહિંસામય સંદેશને જીવનમાં ઉતારો : પૂ. સુનીલસાગરજી મહારાજ

આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજે આજે જણાવ્યું હતું કે ઓમકાર મંત્રથી બધા દુઃખ દૂર થાય છે. આ મંત્રનો અર્થ છે કે અરિહંતોને, સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાય, વિશ્વના સર્વે સાધુસંતોને નમસ્કાર. મંત્રના સ્મરણ માત્રથી જીવન અને મૃત્યુ પણ સુધરી જાય



છે. કરૂણના સાગર મહાવીરના અહિંસામય ધર્મને જીવનમાં ઉતારીએ. ગિરનાર પર બિરાજમાન નેમીનાથ ભગવાને પશુ સંહાર સંસાર ત્યાગ કરી મોક્ષમાર્ગ અપનાવ્યો હતો. અશુભથી બચો, શુભમાં રચ્યાપચ્યા રહો, દેવ, શાસ્ત્ર, ગુરૂની આરાધના કરવી, અહિંસા, સત્ય અપરિગ્રહ જેવા ગુણોનું પાલન કરવું. લોખંડને ઓગાળીએ છીએ પણ મિથ્યાત્વને ઓગાળી શકતા નથી. સાધુને બનાવવામાં આવતા નથી સાધુ બની જાય છે. સમ્યકદર્શન, જ્ઞાન, આરિત્ર ધારણ કરે છે તે મોક્ષ પામશે. શાંતભાવ, બોધ, જ્ઞાન, ચારિત્ર, જીવનમાં સમ્યકદર્શન સિવાય નકામા છે. શ્રદ્ધાપૂર્વક કોઈપણ ડોક્ટરે આપેલી ગોળી લો, તબિયત સારી થઈ જ જશે. જીવનમાંથી પાપ દૂર કરવા જોઈએ.

# સા રે ગા મા પા માટે અમદાવાદમાં ૩૦ ઓગસ્ટે ઓડિશન રહેશે

અમદાવાદ, તા.૨૩

સા રે ગા મા પા લિટલ ચેમ્પની ગત વર્ષની મોટી સફળતા બાદ ઝી ટીવીનો પ્રતિકાત્મક સૌથી લાંબો ચાલતો અને સૌથી વધુ પ્રસિદ્ધ સિંગીંગ રિયાલિટી શો, સા રે ગા મા પા, દેશના ઉભરતા ગાયકોને તેમનો સોનેરી અવાજ સંભળાવવાની તથા સંગીતની દુનિયામાં આકર્ષક કારકિર્દી બનાવવાની તક આપવા માટે પાછો આવી રહ્યો છે.

આ શોની પહેલાની સિઝનમાં ભારતના સંગીત જગતના જાણીતા સિતારાઓ જેવા કે, શ્રેયા ઘોષાલ, કુનાલ ગાંજાવાલા, કમાલ ખાન, અમાનત અલી, રાજા હસન, સંજીવની અને બેલા શિંદે સહિતની હસ્તીઓએ નવોદિત ગાયકો અને આ ક્ષેત્રમાં આગળ વધવા ઈચ્છતા નવા કલાકારોને એક નવી રાહ અને માર્ગદર્શન ચિંધ્યા છે.

બોલિવૂડ અને હિન્દી સંગીતનો ટ્રેન્ડ હવે, સમગ્ર વિસ્તરીત થઈ રહ્યો છે, ત્યારે ઝી ટીવીના અત્યંત સફળ સિંગીંગ રિયાલિટી શો સા રે ગા મા પામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકો માટે અમદાવાદ શહેરમાં તા.૩૦મી ઓગસ્ટના રોજ ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, સોલા ભાગવત વિદ્યાપીઠની બાજુમાં, એસ.જી. હાઈવે ખાતે રાખવામાં આવ્યું છે એમ અત્રે શો ના ઓડિશન માટે ખાસ અમદાવાદની મુલાકાતે આવેલી પાછલી સિઝનની સફળ કલાકાર અને જાણીતી ગાયિકા સુમેધા કરમાહેએ જણાવ્યું હતું.

સુમેધાએ વધુમાં જણાવ્યું હતું કે, આ સોમાં જે સ્પર્ધકોએ ઝી ફાઈવની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હશે, તેઓ ભાગ લઈ શકશે. તેમનું સ્થાન નોંધાવવા માટે ઝીફાઈવ.કોમ/સારેગામાપા પર લોગ ઓન કરવાનું રહેશે.

# વેસ્ટઝોન રાયફલ શૂટિંગમાં ગાંધીનગરના વિમલ પ્રજાપતિનો સિલ્વર મેડલ

## ફાયર આર્મ્સ સ્મોલબોર ૫૦ મીટર રાયફલ શૂટિંગમાં વિમલે ૬૦૦માંથી ૫૫૪નો સ્કોર કર્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના યુવા શૂટર વિમલ પ્રજાપતિએ ફરી એકવાર ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા શહેરનું નામ રોશન કર્યું છે. અમદાવાદની રાયફલ ક્લબ ખાતે તા. ૧૭ થી ૨૩ ઓગષ્ટ દરમ્યાન યોજાયેલી વેસ્ટઝોન શૂટિંગ ચેમ્પિયનશીપમાં ફાયર આર્મ્સ રમતની ૫૦ મીટર રાયફલ થ્રી પોઝીશનમાં વિમલ પ્રજાપતિએ સિલ્વર મેડલ હાંસલ કર્યો છે.

નેશનલ રાયફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત વેસ્ટઝોન શૂટિંગ ચેમ્પિયનશીપ ૨૦૧૮માં પશ્ચિમ ક્ષેત્રના ૬ રાજ્યોના ખેલાડીઓએ ભાગ લીધો હતો.



રાષ્ટ્રીયકક્ષાની આ ઈવેન્ટમાં ફાયર આર્મ્સમાં સ્મોલબોર રાયફલ શૂટિંગમાં ગાંધીનગરના યુવા શૂટર વિમલ પ્રજાપતિએ ૫૦ મીટર કેટેગરીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા કુલ ૬૦૦માંથી ૫૫૪નો સ્કોર કરી દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

વિમલ પ્રજાપતિને ફરી એકવાર રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત થતા ગાંધીનગરના રમતજગતમાં આનંદનું મોજુ ફરી વળ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિમલ પ્રજાપતિએ એર રાયફલ શૂટિંગ બાદ માત્ર ૨૦ દિવસથી જ ફાયર આર્મ્સ રમવાનું ચાલુ કર્યુ છે. તેઓ કોચ ફરીઉદ્દીન સિદ્દિકી પાસે તાલીમ મેળવી રહ્યાં છે.

# મનપાનું તંત્ર દબાણ હટાવવામાં ભેદભાવ રાખી રહ્યું છે : પીન્કી પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરીમાં ભેદભાવભર્યુ વલણ અખત્યાર કરવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના કાઉન્સીલર પીન્કીબેન પટેલે કર્યો છે.

ગાંધીનગર સે. ૧૧માં જ દબાણને મુદ્દે ભેદભાવ રાખવાના દાખલાને ટાંકીને તેમણે તંત્ર પર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે માત્ર બે જ શોપીંગમાં કેમ પગલાં લેવામાં આવ્યા. અન્ય શોપીંગ કોમ્પલેક્સમાં કેમ કંઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

તેમણે આ મુદ્દે મ્યુનિ. કમિશ્નરશ્રીને પત્ર લખી આ અંગેની વિગતો પણ આપી છે. તેમણે તેમના પત્રમાં શીલીંગ હોય કે દબાણ હટાવવાની કામગીરી હોય તંત્રએ ન્યાય બધાને નજરમાં રાખી અને સરખોજ કરવાનો હોય. આમાં કંઈ વ્હાલા દવલાની નીતિ હોઈ શકે નહિ.

આ પત્રમાં તેમણે જણાવ્યું છે કે બે જ શોપીંગ સિવાય તમામ ગેરકાયદેસર દબાણો આજદિન સુધી તોડવામાં આવેલ નથી. ત્યારબાદ સે. ૧૧નો રસ્તો દબાણ ટીમ કદાચ ભુલી ગઈ છે કે પછી કોઈ રાજકીય દબાણમાં ઓફીસમાં સંતાઈ ગયા છે. જો સાચી કામગીરી કરવી હોય તો ગાંધીનગરના નકશાને ધ્યાને લઈ જ્યાં પણ ગેરકાયદેસર બાંધકામો થયા છે તેમાં તમામને બક્ષવા જોઈએ નહી.

વધુમાં ગાંધીનગરમાં મોટાભાગના સેક્ટરોમાં રહેણાંકના પ્લોટોમાં કોમર્શીયલ બીલ્ડીંગો, દવાખાનાઓ બનાવી ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. તો આપશ્રીને હાઈકોર્ટ દ્વારા એવી રીતે ઓર્ડર કરેલ છે કે સેક્ટર-૧૧ના બે જ શોપીંગો ગેરગકાયદેસર છે. બાકીના તમામ સાચા છે. તો આ અંગે પુરાવા હોય તો તે ચકાસી આ કરી રહ્યા હોય આ એવુ બતાવે છે કે તમારા દ્વારા ખોટી રીતે આ કામગીરી કરાવાઈ રહી છે. જો ખરેખર સાચી કામગીરી કરવી હોય તો સેક્ટર-૧થી શરૂ કરી તમામ ગેરકાયદેસર બાંધકામોને શીલીંગ કરવામાં આવે એવી લોકોની આપની પાસે અપેક્ષા છે. તો કાર્યવાહી સાચી દિશામાં થાય તેવી વિનંતી છે.



રક્ષાબંધન આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ખરીદીમાં યુવતીઓ અને મહિલાઓ વ્યસ્ત રહી છે.

# અડાલજ પાસે અદ્યતન બસ સ્ટેન્ડ બનાવવા મુસાફરોની માંગ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલ અડાલજ ખાતે થી રોજના હજ્જારો મુસાફરો આવન-જાવન કરે છે. ઉત્તર ગુજરાત તેમજ રાજસ્થાનનો વાહન વ્યવહાર હોવાથી મુસાફરોનો ભારે ધસારો રહે છે. ત્યારે સુવિધાયુક્ત બસ સ્ટેન્ડ અડાલજ ખાતે તંત્ર દ્વારા નિર્માણ કરવામાં આવે તેવી માંગ મુસાફરોમાં ઉઠવા પામી છે.

અડાલજ ખાતે થી રાજસ્થાન, ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા તેમજ કચ્છ તરફ આવન-જાવન કરવાવાળા મુસાફરો વધુ હોય છે તો બીજીતરફ ઉત્તર ગુજરાતથી સૌરાષ્ટ્ર, અને મધ્ય ગુજરાત તરફના મુસાફરોની સંખ્યા પણ વધુ પ્રમાણમાં હોય છે. ત્યારે અડાલજ ખાતે રોજના હજ્જારો મુસાફરો બસની રાહ જોતા ઉભા હોય છે. વહેલી સવારથી મોડીરાત સુધી મુસાફરોની અડાલજ વિસ્તાર ધમધમતો હોય છે. અડાલજ ખાતેથી સાબરકાંઠા તરફના પણ મુસાફરો હોવાથી અડાલજ જંકશન બની જવા પામ્યું છે. ત્યારે બસ સ્ટેન્ડની સુવિધાથી વંચિત મુસાફરોને નજીકની હોટલ તેમજ વૃક્ષ કે બાંકડા પર બેસીને બસની રાહ જોવાનો વારો આવે છે. જયારે ત્રણેય સિઝનમાં મુસાફરોની હાલત કફોડી બની જવા પામે છે. માર્ગ પર બસ સ્ટેન્ડ ન હોવાથી ગરમી તેમજ ચોમાસાના દિવસોમાં મુસાફરો હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે જીએસઆરટીસી તંત્ર દ્વારા માર્ગની બંન્ને બાજુએ રાણીપ જેવું સુવિધાપૂર્ણ પીપીપીના ધોરણે અડાલજના મુસાફરો માટે અધ્યતન બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવે તો શિયાળો, ઉનાળો તેમજ ચોમાસાની સિઝનમાં મુસાફરોને બેસવા માટે સરળતા રહી શકે છે. અડાલજ ખાતે સુવિધાસભર બસ સ્ટેન્ડ બનાવવામાં આવે તેવી માંગ મુસાફરોમાં ઉઠવા પામી છે.

# અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં રાષ્ટ્રીય સચિવ નિમાયા

અમદાવાદ, તા.૨૩

કોંગ્રેસ પક્ષ ધ્વારા ઠાકોર સમાજના યુવા નેતા અને રાધનપુરના ધારાસભ્ય અલ્કેશ ઠાકોરને રાષ્ટ્રીય સચિવ તરીકેની બઢતી આપી મહત્વની જવાબદારી સોપવામાં ગુજરાત કોંગ્રેસમાં ભારે ચર્ચા ચાલી છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ગુજરાતમાં ઠાકોર ક્ષત્રિય સેનાના બેનર હેઠળ મજબુત સંગઠન ધરાવતા અલ્પેશ ઠાકોરની આ જવાબદારી સાથે બિહારમાં સહપ્રભારી તરીકે નિમણુક કરવામાં આવી છે. અલ્પેશ ઠાકોરને રાષ્ટ્રીય સચિવ સાથે બિહારમાં સહપ્રભારી તરીકેની બઢતી અને જવાબદારી અપાતાં રાજયના ઠાકોર સમાજમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે, તો બીજીબાજુ, અલ્પેશ ઠાકોરનું ખૂબ જ ટૂંકા સમયમાં રાષ્ટ્રીય રાજકરણમાં કદ વધતાં કોંગ્રેસના એક જૂથમાં આંતરિક નારાજગી અને અસંતોષ પણ છવાયા છે. કોંગ્રેસના એક જૂથમાં એવી નારાજગી પ્રવર્તી રહી છે, કોંગ્રેસ પક્ષમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક સેવા કરનાર અને પક્ષ માટે સમર્પિત લોકો અને આગેવાનોને અવગણી અલ્પેશ ઠાકોર જેવા પક્ષમાં હમણાં જ આવેલા અને હજુ સુધી એવી કોઈ નોંધપાત્ર કામગીરી કે પરિણામ દેખાડી નહી શકનાર લોકોને અચાનક આ પ્રકારે બઢતી કે મહત્વની જવાબદારી સોંપી દેવાય તે કેટલા અંશે વ્યાજબી અને ન્યાયી છે ? જો કે, કોંગી હાઈકમાન્ડે કોઈપણ નારાજગીને ધ્યાનમાં લીધા વિના અલ્પેશ ઠાકોરને મહત્વની જવાબદારી સોંપી હતી. ભાજપ સરકાર સામે દારૂબંધી અને રોજગારીના મુદ્દે આંદોલન કરી પોતાની ઓળખ ઉભી કરનાર અલ્પેશ ઠાકોર ગુજરાત વિધાનસભાની ગત વિધાનસભા ચુંટણી પહેલા જ કોંગ્રેસમાં જોડાયા હતા. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર અનેક તર્ક-વિતર્ક પછી કોંગ્રેસનો ખેસ પહેરી રાધનપુરમાંથી ચુંટણી લડ્યા હતા. આ ચુંટણી અને તે પછી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે નિકટતા કેળવનાર રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને રાષ્ટ્રીય કક્ષાએ કોઈ જવાબદારી સોપવામાં આવશે તેવું થોડા સમયથી ચર્ચાઈ રહ્યું હતું. તે મુજબ, હવે અલ્પેશ ઠાકોરની એઆઈસીસીના સચિવ તરીકે નિમણુક કરવામાં આવી છે.

# ગુજરાતમાં નવ મેડિકલ કોલેજો થઈ છે : રૂપાણી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, હોર્પીટલના નિર્માણથી આરોગ્યની વિશેષ સારવાર જુનાગઢના આંગણે મળશે. ગુજરાતને વિવિધ આરોગ્ય સેવાઓ આપવામાં નરેન્દ્રભાઈએ સવિશેષ દરકાર લીધી હતી. હવે રાજ્ય સરકારે આ સેવાને બહેતર બનાવી છે. તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદીના વખતે ગુજરાતમાં ૬ મેડીકલ કોલેજ સામે આજે ૯ મેડીકલ કોલેજ બનાવવામાં આવી છે. મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાનો વ્યાપ વધારી વધારે લોકોને તેમાં આવરી લેવામાં આવ્યા છે. નરેન્દ્ર મોદી આયુષ્માન ભારત યોજના લાવી સમગ્ર દેશને આરોગ્યની ખેવના કરી રહ્યા છે. સરકારે તેને પોતાના ખંભે ઉપાડી લીધી છે. રૂપાણીએ કહ્યું કે, નવી મેડીકલ કોલેજ બનતા તબીબી શિક્ષણ માટે છાત્રોને બહાર નહીં જવું પડે રાજ્ય સરકાર પઢાઈ (શિક્ષણ), કમાઈ (રોજગાર) અને દવાઈ (આરોગ્ય) ની સેવા આપવા કટીબદ્ધ છે.

# ઉપવાસ આંદોલન પૂર્વે હાર્દિક માટે નજરકેદ જેવો માહોલ

## તંત્રના અધિકારીઓ છૂપીરીતે ઘરની આસપાસ ગોઠવાઈ ગયા : હાર્દિકની એકએક ગતિવિધિ પર બાજ નજર કેન્દ્રિત

અમદાવાદ, તા.૨૩

પાટીદાર અનામત આંદોલન સમિતિના મુખ્ય કન્વીનર હાર્દિક પટેલના તા.૨૫ ઓગસ્ટના આમરણાંત ઉપવાસને અટકાવવા માટે ગુજરાત સરકાર, પોલીસ તંત્ર અને રાજય વહીવટી તંત્રએ જાણે મરણિયા પ્રયાસો શરૂ કર્યા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં કોઈ સ્થળે ઉપવાસ કરવાની મંજૂરી નહી આપીને હાર્દિકના અરમાનો પર સરકારે તંત્રની સાથે મળી પાણી ફેરવી કાઢ્યું તો, ટલુ ઓછુ હોય તેમ અમદાવાદમાં બે મહિના માટે કલમ-૧૪૪ લાગુ કરી ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. હાર્દિક હવે તેના ઘરમાં પૂરાઈ રહ્યો છે, તેના ઘરેથી જ ઉપવાસ આંદોલન છેડવાની તૈયારી કરી રહ્યો છે ત્યારે હાર્દિક પટેલને જાણે ઘરમાં જ નજરકેદ કરાયો હોય તેમ સરકાર અને તંત્રના માણસો છૂપી રીતે પણ તેના ઘરની આસપાસ અને હાર્દિકની એકેએક ગતિવિધિ પર નજર રાખી રહ્યા છે. હાર્દિકે ગઈકાલે શહેરમાં સ્વ.અટલજીની કળશયાત્રાને લઈ સવાલો ઉઠાવતાં પ્રહાર કર્યા કે, જો શહેરમાં કલમ-૧૪૪ લાગુ હતી તો, ભાજપે કેવી રીતે યાત્રા કાઢી અને આમ કરી ભાજપે કાયદાના ધજાગરા ઉડાડયા છે. દરમ્યાન સરકારના આ ગંભીર ષડયંત્ર અંગે હાર્દિક પટેલે સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સરકાર દ્વારા મને રસ્તે રઝળતો કરવા હાલના ઘરમાંથી કાઢી મુકવા માટે મકાન માલિક પર દબાણ કરવામાં આવે છે. આ અંગે હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે, મારા ઘરને ચારેબાજુથી પોલીસે ઘેરી લીધું છે, અને મને નજરકેદ કર્યો હોય એવી સ્થિતિમાં મુકી દીધો છે. પરંતુ તા.૨૫ ઓગસ્ટના રોજ ઉપવાસ તો થશે., તા.૨૫ ઓગસ્ટથી શરૂ થઈ રહેલા હાર્દિકના આમરણાંત ઉપવાસને અટકાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવતા દબાણ અંગે હાર્દિકે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,હાલ હું જે મકાન(વૈષ્ણોદેવી વિસ્તારમાં આવેલું 'છત્રપતિ નિવાસ')માં રહું છું, તે મકાનના માલિક પર સરકાર અને પોલીસ દબાણ કરીને મને ઘર ખાલી કરાવવા માટે કહેવામાં આવે છે. ગઈકાલે જ મકાન માલિકે મને આવીને કહ્યું હતું કે, તમારો ભાડા કરાર હજુ ચાલુ છે, તેથી હું તમને ઘર ખાલી કરાવવાનું કહી શકું નહીં, પરંતુ મારા પર દબાણ હોવાથી હું તમને કહેવા આવ્યો છું કે બે મહિના બાદ તમારે મકાન ખાલી કરવું પડશે. પરંતુ જો મારા પર વધુ દબાણ આવશે તો હું તમને તાત્કાલિક મકાન ખાલી કરવા માટે કહીશ. હાર્દિકે જણાવ્યું કે, મારા આમરણાંત ઉપવાસને અટકાવવા માટે મારા ઘરની ચારે તરફ પોલીસ ખડકી દેવામાં આવી છે. મારા ઘરમાં આવતા જતા તમામ લોકોની પૂછપરછ કરવામાં આવે છે અને અમારા ઘરમાં થતી ગતિવિધિઓ પર આડકતરી રીતે નજર રાખવામાં આવે છે.

આમ ઉપવાસ પહેલા હાર્દિકને સરકાર અને તંત્રના અધિકારીઓએ નજરકેદની સ્થિતિમાં મુકી દીધો હોવાનું સ્પષ્ટ લાગી રહ્યું છે. પરંતુ પાટીદાર અનામત અને ખેડૂતોના દેવા માફી મામલે મક્કમ બનીને લડવા માટે તૈયાર થયેલા હાર્દિક પટેલ તા.૨૫મીએ કોઈપણ ભોગે આમરણાંત ઉપવાસ કરશે. આમ હાર્દિક પટેલના ઉપવાસ અને સરકાર દ્વારા તેના ઉપવાસ અટકાવવાની ગતિવિધિઓ પર માત્ર પાટીદાર સમાજ નહીં, સમગ્ર ગુજરાતની નજર છે ત્યારે ૨૫મી ઓગસ્ટે શું થશે તેને લઈને હવે ઈન્તેજારી અને ઉત્સુકતાની લાગણી પ્રવર્તી રહી છે.